








## ખેડબ્રહ્મા શહેરમાં એટીએમ મશીનો બંધ

ખેડબ્રહ્મા શહેરમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી તમામ બેંકોમાં કેશના અભાવે બંધ રહેતા લોકોને ભારે મુશ્કેલ પડેલ છે. તમામ બેંકોએ સોમવારે એટીએમ મશીન બંધ રાખતા લોકોને મુશ્કેલી પડી રહી છે. મનીષ રમણભાઈ પટેલના જણાવ્યા અનુસાર બેંક ઓફ બરોડાના બેંકમાં સવારે ૮ વાગ્યાથી લાઈનમાં ઉભા હતા પરંતુ નંબર આવતા જ જાણવા મળેલ કે નાણા પુરા થઈ ગયા છે અને મેનેજરે જણાવેલ કે ગરૂવાર સુધી કોઈ નાણા મળશે નહી તેવી જ પરિસ્થિતિ તમામ બેંકોમાં હોવાથી એટીએમ બંધ કરી દેવામાં આવ્યા હતા.

# અમુલના દૂધ ઉત્પાદકોને બેંક મારફતે દૂધનું સીધું ચુકવણું

શ્રી જેઠાભાઈ પટેલ, ચેરમેન જીસીએમએમએફ (અમુલ) દ્વારા જણાવાયું છે કે કેન્દ્ર સરકારશ્રીના ડેમોનિટાઈઝેશન (ચલણનિષેધ)ના પરિણામે તમામ દૂધ ઉત્પાદકોને બેંક મારફતે દૂધના બાવનું સીધું ચુકવણું કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવેલ કે હાલમાં લગભગ ૯૦ ટકા દૂધ ઉત્પાદકોના બેંકમાં ખાતા હોવા છતાં પણ અગાઉ સ્થાપિત હિતોના કારણે દૂધ ઉત્પાદકોને રોકડમાં ચુકવણી કરવામાં આવતી ન હતી. હાલમાં જે ખેડૂતોના બેંકમાં ખાતા નથી તેમના બેંકમાં ખાતા ખોલાવવાની પ્રક્રિયા યુદ્ધના ધોરણે શરુ કરવામાં આવેલ છે. પરિણામે અમુલ સાથે સંકળાયેલા તમામ ૩૬ લાખ દૂધ ઉત્પાદકોને તેમના બેંક ખાતામાં દૂધના ભાવની ચૂકવણી કરવામાં આવશે.

શ્રી જેઠાભાઈ પટેલ, ચેરમેન જીસીએમએમએફ (અમુલ) દ્વારા માહિતી આપતા જણાવ્યું કે ફેડરેશન અને તેને સંલગ્ન દૂધ સંઘો દર અઠવાડિયે સરેરાશ રૂ. ૪૫૦ કરોડની રકમ ૩૬ લાખ દૂધ ઉત્પાદકોને ૧૮,૫૦૦ દૂધ સહકારી મંડળીઓ મારફતે નિયમિત રીતે ચુકવે છે.

તેમણે જણાવેલ કે સરકારશ્રીના ચલણનિષેધના પગલાંને જિલ્લા સહકારી બેંક ઉપર આરબીઆઈના વિવિધ નિયંત્રણને કારણે ગ્રામ્ય દૂધ ઉત્પાદકોને થોડા સમય માટે રોકડની ખેંચ ઉભી થયેલ હતી. પરંતુ કેન્દ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા ગ્રામ્ય દૂધ ઉત્પાદકોના હિતને ધ્યાનમાં રાખીને આરબીઆઈ દ્વારા જિલ્લા સહકારી બેંકોમાં માત્ર દૂધ ઉત્પાદકોને ચુકવવામાં આવનાર રોકડ રકમ મોકલવાની શરૂઆત કરવામાં આવી છે. આ પગલું દૂધ ઉત્પાદકોને તેમની પશુપાલનની અને રોજિંદી જરૂરિયાત માટે ખુબ જ મદદરૂપ થશે.

શ્રી જેઠાભાઈ પટેલ, ચેરમેન જીસીએમએમએફ (અમુલ) દ્વારા ખાસ ભારપૂર્વક જણાવેલ કે આજ તારીખ સુધી સરકારશ્રીના આ નિર્ણયની દૂધની સંપાદન અને વેચાણમાં કોઈ પણ પ્રકારની અસર થયેલ નથી પરંતુ દૂધ સંપાદનમાં વધારો થયેલ છે.



હેરિટેજ વોકમાં વિદેશી પ્રવાસીઓ પણ જોડાયા હતા.

## નોટબંધીને પગલે પગાર રોકડમાં ચૂકવવા જિલ્લા પંચાયતના કર્મચારીઓની માંગ

ગાંધીનગર, તા. ૨૧

નોટબંધીને પગલે ઉભી થયેલી પરિસ્થિતિમાં પંચાયતના કર્મચારીઓને આગામી પગાર રોકડમાં ચુકવવા માટે જિલ્લા પંચાયતના કર્મચારી મંડળના પ્રમુખ પ્રકાશ ત્રિવેદીએ માંગ કરી છે.

તેમણે આજે આ અંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રીને પત્ર પણ સોંપી દીધો છે અને ઝડપથી નિર્ણય જાહેર કરવા જણાવ્યુ છે.

નોટબંધીને કારણે બેંકોમાં લાઈનો ઘટતી નથી તેમજ સરકારે પણ સપ્તાહમાં બે તબક્કે ૨૪ હજાર જ ઉપાડવાની છૂટ આપી હોવાથી કર્મચારીઓની હાલાકી વધી જાય તેમ છે. બીજુ લગ્નસરાની મોસમ પણ છે અને જિલ્લાની બેંકોમાં કેશફલો નથી તે સ્થિતિમાં પગાર રોકડમાં ચુકવવામાં આવે તેવી માંગ કરી છે.

પંચાયત કર્મચારી મંડળના પ્રમુખશ્રીની આ માંગણી અંગે સરકારમાં રજુઆત કરવામાં આવશે તેવી હૈયાધારણ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

## આજથી દિવ્યાંગ ખેલાડીઓનો ખેલ મહાકુંભ

અમદાવાદ, તા. ૨૧

ગુજરાત સરકારના રમત ગમત અને સાંસ્કૃતિક વિભાગ હસ્તકના સ્પોટર્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ખેલ મહાકુંભ-૨૦૧૬ અને દિવ્યાંગ ખેલાડીઓ માટેના સ્પેશ્યલ ખેલ મહાકુંભ-૨૦૧૬ અંતર્ગત રાજયકક્ષાની મહત્તમ સ્પર્ધાઓ ૨૨ નવેમ્બરથી ૭ ડિસેમ્બર દરમિયાન યોજાશે, એમ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતની યાદીમાં જણાવાયુ છે. રાજય સરકાર દ્વારા આયોજીત ખેલ મહાકુંભમાં આ વર્ષે ૩૦ લાખથી વધુ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે અને ૩૦૦થી વધુ વિવિધ રમતોના નિષ્ણાંતો દ્વારા પ્રતિભા શોધ કરાશે.

ભાગ લેનાર પ્રતિભાશાળી ખેલાડીઓને એસએજી દ્વારા ચાલતી વિવિધ યોજનાઓ જેવી કે, જિલ્લાકક્ષા સ્પોર્ટસ સંકુલ, ઈન સ્કુલ શક્તિદુત, સેન્ટર ઓફ એક્સેલેન્સ, ખેલે ગુજરાત સમર કોચિંગ કેમ્પ જેવી વિવિધ યોજનાના લાભો પણ અપાશે. આ વર્ષે શક્તિદુત યોજનાના લાભાર્થી રાજયના નામાંકિત ખેલાડીઓ અંકિતા રૈના, નિલ કોન્ટ્રાક્ટર, મુરલી ગાવિત અને અનુષ્કા પરીખ પણ ખેલ મહાકુંભમાં ભાગ લઈ રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૩૦ રમતોની ૭૪૦ સ્પર્ધાઓમાં રાજયકક્ષાએ આ વખતે ૫૦,૦૦૦થી વધુ ખેલાડીઓ ભાગ લેનાર છે. જેનું આયોજન ૩૦થી વધુ જિલ્લાઓમાં કરાશે અને તાલુકાથી રાજયકક્ષા સુધીના ૩ લાખથી વધુ વિજેતા ખેલાડીઓને ૪૨ કરોડના પુરસ્કારથી સન્માનિત કરાશે.

# બેંકો અને એટીએમથી નાણા ઉપાડવા લાઈન યથાવત

### સતત ૧૩માં દિવસે અફડાતફડીનો દોર રહ્યો : એટીએમ મોટાભાગે બંધ રહેતા વધુ તકલીફનો સામનો કરવો પડ્યો

અમદાવાદ, તા.૨૧

શહેરમાં આજે સતત ૧૩માં દિવસે પણ બેંકોમાંથી રૂપિયા મેળવવા માટે લોકોની લાંબી કતારો જોવા મળી હતી.શહેરના વેજલપુર સહીતના અનેક વિસ્તારોમાં એટીએમ રોકડના અભાવે મોડે સુધી હોય એમ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા એટીએમમાં રોકડની વયવસ્થા ન કરી શકાઈ હોવાના કારણે વહેલી સવારથી લાઈનમાં ઉભા રહેલા લોકોએ કંટાળી સિસ્ટમ સામે પોતાનો રોષ વ્યકત કર્યો હતો. એટીએમ શરૂ સુચનનો અમલ કરવાને બદલે તમામની એક જ લાઈન કરાવતા લોકોમાં ગુસ્સો જોવા મળ્યો હતો.આજે સતત ૧૩માં દિવસે પણ બેંકોની બહાર લોકોની લાંબી કતારો જોવા મળી હતી. ત્યારે આજે પણ રૂપિયા બદલવા માટે શહેરના




ન ખોલવામાં આવતા લોકોએ ભારે રોષ વ્યકત કર્યો હતો.આ અંગેની વિગત એવી છે કે,ગત આઠમી નવેંબરની મધરાતથી દેશના ચલણમાંથી રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ના દરની નોટ બેન કરવામાં આવ્યા બાદ દસમી તારીખથી એટીએમ શરૂ કરવામાં આવ્યા છે ત્યારથી લઈને આજે સતત ૧૩માં દિવસે પણ લોકોને રાહત મળતી ન થતાની સાથે જ લોકોએ નાણાં મેળવવા પડાપડી કરતા કેશ પણ ખાલી થઈ જવા પામી હતી.બીજી તરફ રીઝર્વ બેંક દ્વારા તમામ બેંકોને ખાસ ગાઈડલાઈન વૃધ્ધો અને દિવ્યાંગોને લઈને આપવામાં આવી છે. આ ગાઈડલાઈન પ્રમાણે તમામ બેંકોએ વૃધ્ધો અને દિવ્યાંગોને માટે અલગ લાઈન રાખવી ફરજિયાત હોવાછતાં મોટાભાગની બેંકોએ આ સેટેલાઈટ, વસ્ત્રાપુર, માણેકબાગ, પાલડી, કોટ વિસ્તારમાં દરીયાપુર, શાહપુર, રાયપુર સહીતના અનેક વિસ્તારોમાં લોકોએ લાંબી લાઈનમાં ઉભા રહીને રૂપિયા બદલાવ્યા હતા.બેંકોમાં કેશ ખુટી જવાના કારણે અમુક બેંકોને સમય પહેલા જ બંધ કરી દેવામાં આવતા લાંબા સમયથી લાઈનમાં ઉભા રહેલા લોકો અકળાયા હતા.

# હવે જેઈઈ પરીક્ષા માટે આધાર કાર્ડ ફરજીયાત

અમદાવાદ, તા.૨૧

જેઈઈ મેઈનની પરીક્ષા આપવા માટે ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે આધાર કાર્ડ ફરજિયાત રહેશે. સીબીએસઈ બોર્ડ દ્વારા આ મહત્વનો નિર્ણય કરાયો છે. હવે ૨૦૧૭ની જોઈન્ટ એન્ટ્રેન્સ એકઝામ એટલે કે જીઈઈ મેઈનની પરીક્ષા આપવા ઈચ્છુક પરીક્ષાર્થીએ એપ્લિકેશન ફોર્મ ભરતી વખતે પોતાનું આધારકાર્ડ બતાવવું ફરજીયાત રહેશે. જીઈઈ મેઈનની પરીક્ષાનું એપ્લિકેશન ફોર્મ ભરતી વખતે UIDAI દ્વારા ઈશ્યુ કરેલ આધાર નંબર, જન્મ તારીખ અને જાતિ અંગેની વિગતો નાખવી હવે ફરજીયાત રહેશે. આ માહિતીને UIDAI ના ડેટા સાથે સરખાવવામાં આવશે. જો કોઈ કિસ્સામાં ડેટા નહીં મળતા આવે તો તે ઉમેદવાર જીઈઈ મેઈન ૨૦૧૭નું ફોર્મ નહીં ભરી શકે.

# સાચો લાભાર્થી વંચિત ન રહે તેવા બધા પ્રયાસ હાથ ધરાશે

અમદાવાદ, તા.૨૧

પ્રદેશ પ્રવકતા ભરતભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, આજરોજ પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં તેમજ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને પ્રદેશ પ્રભારી ડૉ. દિનેશજી શર્મા, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી સૌદાન સીંગની ઉપસ્થિતિમાં પ્રદેશ પદાધિકારીઓ, પ્રદેશ મોરચાના પ્રમુખઓ તેમજ જીલ્લા-મહાનગરના પ્રભારીઓની બેઠક પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે યોજાઈ હતી. બેઠકની વિગતો આપતાં ભરતભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, દિવાળી બાદ તમામ વિધાનસભા ક્ષેત્રમાં યોજાયેલા નૂતન વર્ષ સ્નેહ સંમેલન બાબતે અહેવાલ જીલ્લા મહાનગરના પ્રભારીઓ દ્વારા રજુ કરવામાં આવ્યો હતો. તેમજ બુથ સમિતિના પ્રમુખથી લઈને જીલ્લા સ્તર સુધીની સંગઠનાત્મક તેમજ પક્ષ દ્વારા સુચિત વિભિન્ન કાર્યક્રમોના અહેવાલ સહિત અલગ અલગ બાબતોની ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

પંડ્યાએ જણાવ્યું હતું કે, ગરીબ કલ્યાણ વર્ષ નિમિત્તે ભારતીય જનતા પાર્ટીનું સંગઠન રાજયમાં રાજય સરકારના સેવા સેતુ અંતર્ગત એક પણ સાચો લાભાર્થી વંચિત ન રહે તે માટે સરકારી વ્યવસ્થામાં મદદરૂપ બનશે એમ આજની બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું.

પ્રદેશ પ્રભારી ડૉ. દિનેશજી શર્માએ આ પ્રસંગે ઈલેક્ટ્રોનિક મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ગઈકાલે યોજાયેલી કોર ગ્રુપની બેઠકમાં આજની બેઠકના તેમજ આગામી કાર્યક્રમોની રૂપરેખા નક્કી કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અર્થતંત્રને સુદ્રઢ બનાવવા લેવાયેલા ઐતિહાસિક નિર્ણયની સમગ્ર દેશની જનતાએ સરાહના કરી છે. તેમ જણાવી ડૉ. શર્માએ કેન્દ્ર સરકાર દ્વારા જનહિત માટે લેવાયેલા વિવિધ પગલાંઓની વિગતવાર માહિતી આપી હતી. ડૉ. દિનેશજી શર્માએ વિપક્ષ પર આકરાં પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, જેમના ૭૦ વર્ષના શાસનમાં પ્રાથમિક સુવિધાઓ માટે દેશની જનતાને પારાવાર હાલાકીઓ ભોગવવી પડતી હતી, તેવા લોકો આજે સરકારને ક્યા મોઢે પ્રશ્ન પુછવા નીકળ્યા છે. હકિકતમાં તો દેશની જનતાનું તેમના સમર્થન નથી એટલે રાજકીય અવલોકનો કરી રાજકીય જમીન મેળવવા હવાતીયાં મારી રહ્યા છે.

### કટોકટીમાં રાહત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખરીદી કરવાની મંજુરી મળી ગઈ છે. ખેડૂતોને આ તમામ રાહતો જુદા જુદા કારણોસર આપવામાં આવી છે. ખેડૂતો હવે આ સેન્ટરો, કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે જોડાયેલા યુનિટો, જાહેર ક્ષેત્રની કંપનીઓ, રાષ્ટ્રીય અને રાજ્ય બીયા કોર્પોરેશન પાસેથી પણ ખરીદી કરી શકશે. રવિ સિઝન દરમિયાન ખેડૂતોને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે હેતુસર આ નિર્ણય લેવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક દિવસથી ખેડૂતો રોકડ કટોકટીને લઈને પરેશન થયેલા હતા. જે ખેડૂતોને રૂપિયા ૫૦૦ની જુની નોટોથી બિયાની ખરીદી કરવી છે તેને પોતાના ઓળખપત્ર સંબંધિત બાબતો સંસ્થામાં જમા કરાવવી પડશે. અથવા તો ઓળખપત્રોના કોઈપણ પુરાવા રજૂ કરવા પડશે. અત્રે નોંધનીય છે કે, રૂપિયા ૫૦૦ અને એક હજારની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદથી ખેડૂતો પરેશાન થયેલા હતા. મુસીબતોને ઓછી કરવા માટે સરકાર દ્વારા સતત રાહતના પગલા જાહેર કરવામાં આવી રહ્યા છે. આ દિશામાં આગળ વધીને સરકારે આજે ખેડૂતોને બીજી વખત મોટી રાહત આપવાની જાહેરાત કરી હતી. આ અગાઉ ખેડૂતોને એક સપ્તાહમાં ૨૫ હજાર રૂપિયા સુધી ઉપાડવાની મજંરી આપવામનાં આવી હતી. બીજી બાજુ સરકારે લગ્ન પ્રસંગ વાળા ઘરમાં તકલીફને ઓછી કરવા માટે તેમને ૨.૫ લાખ રૂપિયા ઉપાડવાની મંજુરી આપી હતી.

### એટીએમમાં ધાંધીયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ આવી જ સ્થિતિ જોવા મળી હતી. સ્થિતીમાં ઉલ્લેખનીય સુધારો એકબે દિવસમાં થઈ જાય તેમ પણ હવે માનવામાં આવે છે. જો કે હજુ સુધી લેવામાં આવેલા પગલા અપુરતા દેખાઈ રહ્યા છે.૧૨ દિવસથી વધુનો સમય થયો હોવા છતાં લોકોની માંગ પૂર્ણ થઈ રહી નથી. લોકોની હાલત કફોડી બની રહી છે. સરકારે વિવિધ રાહતો આપી હોવા છતાં સ્થિતી યથાવત જટિલ બનેલી છે. આજે સતત ૧૩માં દિવસે પણ યથાવત સ્થિતી રહી હતી. બેંકો અને પોસ્ટ ઓફિસ પર લાંબી લાઈનો જોવા મળી હતી. સવારમાંજ લોકો બેંકોની બહાર લાઈન લગાવીને ગોઠવાઈ ગયા હતા. આઠમી નવેમ્બરના દિવસે રાત્રે પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ સ્થિતીને હળવી કરવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવા છતાં હજુ સ્થિતીમાં સુધારો થઈ રહ્યો નથી.

### ભારે હોબાળો

● અનુસંધાન પહેલાનું ચાલુ

બંને ગૃહોની કામગીરીને દિવસભર માટે મોકૂફ કરી દેવામાં આવી હતી. સંસદની બહાર રાહુલ ગાંધીએ મોદી ઉપર પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે તેમને વડાપ્રધાન માટે અન્ય કોઈ નામ વિચારવાની જરૂર પડશે. વડાપ્રધાનને સંસદમાં આવવાની શું જરૂર છે. હાલના દિવસોમાં વડાપ્રધાન બીજા લેવલ ઉપર છે. આજકાલ નવા રુટ આવ્યા છે. સુપર પીએમ પણ કહી શકાય નહીં. પરિભાષા નક્કી કરવા માટે કોઈ નવા નામ વિચારવા પડશે. રાહુલે કહ્યું હતું કે, ત્રણ ચાર લોકોના નામ આપીને દેશના ઈતિહાસનો સૌથી મોટો નિર્ણય લઈ લેવામાં આવ્યો છે. મોદી પોતાના પ્રધાનોને પણ પુછતા નથી. જે મનમાં આવે છે તે નિર્ણય કરી નાંખે છે.

### રોટેશન જારી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દીધી છે. આજથી જ ચૂંટણીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે.

નવા નિયમો મુજબ વોર્ડ સીમાંકન અગાઉ ઘોષિત કરી દેવાયુ છે જ્યારે સરપંચોના રોટેશન અંગેની આજે ઘોષણા થઈ છે.

હવે ચૂંટણી પંચ આગામી એક-બે દિવસમાં જ ચૂંટણી યોજવા અંગેનો કાર્યક્રમ જારી કરશે. આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની સંપૂર્ણ સત્તા કલેક્ટર અને પ્રાંત અધિકારીને હસ્તાંતરીત કરાઈ છે. તેથી પંચ માત્ર કાર્યક્રમની ઘોષણા કરી અને મોટાભાઈની ભૂમિકા જ ભજવશે.

જિલ્લામાં આજે રોટેશન જાહેર થયા બાદ ચૂંટણી માટેના ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિયુક્તીને પણ આખરી ઓપ આપી દેવાયો છે.

જિલ્લામાં ગાંધીનગરની ૭૪, માણસામાં ૨૨, કલોલમાં ૧૨ અને દહેગામમાં ૮૬ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાશે. હવે ધીમી ગતિએ જિલ્લાતંત્ર ચૂંટણીમય ટુંક સમયમાં બની જશે.

### દરખાસ્ત અદ્ધરતાલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવી હતી. ચ માર્ગની સુધારણા પાછળ અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન ચ માર્ગ પર પણ વી વી આઈ પી ઓની અવર જવર રહે છે. જયારે છેલ્લા ઘણાં સમયથી ચ માર્ગની સુધારણાના કામને અનુલક્ષી રજુ થયેલી દરખાસ્ત અધ્ધરતાલ છે. ચ માર્ગની સાથે રોડ નં ૫ નુ કામ હાથ ધરવા માટે પણ વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ આ મામલે પણ હજુ સુધી કોઈ નિર્ણય લેવાયો નથી.

